<u>ફો.કે.નં.૨૩૬૧/૨૦૨૫</u>

| | |
|---|---|
| રજૂ તારીખ :– | ૩૦–૦૯–૨૦૨૫ |
| દાખલ તારીખ:– | ૩૦–૦૯–૨૦૨૫ |
| જજમેન્ટ તારીખ:– | ૩૦–૦૩–૨૦૨૬ |
| આંક:– | ૪૦ |

## FORM-A

---

## ખંભાળીયાના એડી. જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.ખંભાળીયા.

---

**ક્રીમીનલ કેસ નં. ૨૩૬૧/૨૦૨૫**

| એફ.આઈ.આર.ની વિતગો/ગુનો અને પોલીસ સ્ટેશન. | |
|---|---|
| પોલીસ સ્ટેશન : | ખંભાળીયા પોલીસ સ્ટેશન |
| ગુનો : | જુગાર ધારા કલમ–૪,૫ |
| તહોમતનામા મુજબ તહોમત : | જુગાર ધારા કલમ–૪,૫ |
| ફરિયાદી: | શ્રી સરકાર |
| વિ.એ.પી.પી.શ્રી : | શ્રી એ.બી.પરમાર |
| આરોપી/આરોપીઓ : | (૧) દિપકભાઈ કેશુરભાઈ સુવા, (૨) વિક્રમભાઈ રામભાઈ ડાંગર, (૩) ગોવિંદભાઈ મેરામણભાઈ સુવા, (૪) એભાભાઈ ઉર્ફે હેભાભાઈ ધાનાભાઈ ચંદ્રવાડીયા, (૫) આલાભાઈ વજશીભાઈ સુવા, (૬) મશરીભાઈ ફોગાભાઈ ડાંગર, (૭) ખીમાણંદભાઈ મેરામણભાઈ સુવા, (૮) મેરામણભાઈ ધરણાંતભાઈ સુવા |
| આરોપીઓ તરફે વિ.વ.શ્રી: | એન.ડી. ગોજીયા, તથા જે.આર. કરમુર. |

## FORM-B

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ : | ૨૩.૦૮.૨૦૨૫ |
| ફરિયાદની તારીખ : | ૨૩.૦૮.૨૦૨૫ |
| ચાર્જશીટની તારીખ : | ૨૧.૦૯.૨૦૨૫ |

**ફો.કે.નં.૨૩૬૧/૨૦૨૫**

| | |
|---|---|
| ચુકાદા તારીખ : | ૩૦–૦૩–૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ જો હોય તો, | આરોપીઓને શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવેલ છે. |

| આરોપી નંબર | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર મુકત કરવામાં આવેલ હોય તો તેની વિગત | કયાં ગુનાનો આક્ષેપ છે ? | નિર્દોષ છોડવામાં આવ્યા છે કે કસુરવાર ? | શું સજા કરી ? | ક્રિ.પ્રો.કો. કલમ–૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમિયાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે. |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | (૧) દિપકભાઈ કેશુરભાઈ સુવા, (૨) વિક્રમભાઈ રામભાઈ ડાંગર, (૩) ગોવિંદભાઈ મેરામણભાઈ સુવા, (૪) એભાભાઈ ઉર્ફે હેભાભાઈ ધાનાભાઈ ચંદ વાડીયા, (૫) | – | – | જુગારધાર કલમ–૪,૫ મુજબ | શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવેલ છે. | – | – |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | આલાભાઈ વજશીભાઈ સુવા, (૬) મશરીભાઈ ફોગાભાઈ ડાંગર, (૭) ખીમાણંદભાઈ મેરામણભાઈ સુવા, (૮) મેરામણભાઈ ઘરણાંતભાઈ સુવા | | | | | | |

## FORM-C

## ફરિયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદોનું લીસ્ટ

### (એ) ફરિયાદપક્ષ તરફે

**ફરિયાદ પક્ષનો મૌખિક પુરાવા :**

| અ.નં. | વિગત | આંક | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| ૧ | મજીદભાઈ મામદભાઈ શેખ | ૨૧ | પંચ સાહેદ |
| ૨ | ભરતભાઈ માલદેભાઈ જમોડ | ૨૬ | ફરિયાદી |
| ૩ | સામતભાઈ પબુભાઈ ગઢવી | ૩૨ | ત.ક. અમલદાર |
| ૪ | કરણભાઈ રશીકભાઈ રાઈચુરા | ૩૫ | પંચ સાહેદ |

### (બી) બચાવપક્ષે જો સાહેદ હોય તો,

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

(સી) કોર્ટ સાહેદ જો હોય તો,

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

**ફરિયાદ પક્ષ તરફે આંકે પાડેલા દસ્તાવેજી પુરાવા :–**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | બનાવવાળી જગ્યાનું પંચનામું | ૨૨ |
| ૨. | જુગાર ધારા કલમ–૬ મુજબનું વોરંટ | ૨૭ |
| ૩. | પોલીસ યાદી | ૨૮ |
| ૪. | લાઈટ બીલ | ૨૯ |
| ૫. | ફરીયાદ | ૩૦ |

**બચાવપક્ષ તરફે આંકે પાડેલા દસ્તાવેજો :–**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

**કોર્ટ તરફે આંકે પાડેલા દસ્તાવેજી પુરાવા :–**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

**મુદ્દામાલની વિગત**

| અ.નં. | વિગત | ભૌતીક પદાર્થની સંખ્યા |
|---|---|---|
| ૧. | ગંજી પત્તાના પાના | ૦૩ |
| ૨. | જુદા જુદા ચલણની નોટ | ૩૬,૭૦૦/– |
| ૩. | જુગાર રમવા માટે ઉપ્યોગમાં લીધેલ પાથરણું | ૧ |

**-: ચુ કા દો :-**

૧. ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, **તા.૨૩.૦૮.૨૦૨૫** ના રોજ **કલાક ૧૬:૫૦** વાગ્યાના અરસામાં આરોપી નં.૦૧ નાએ આરોપી નં.૦૨ થી ૦૮ વાળાઓને બહારથી બોલાવી, પોતાના કબ્જા ભોગવટાના રહેણાંક મકાનમાં જુગાર રમવાના સાધનો પુરા પાડી, પોતાના અંગંત આર્થિક ફાયદા સારૂ નાલ ઉઘરાવી, જુગાર રમી રમાડી, ગંજી પત્તાના પાના કુલ નં. ૫૨ કિ.રૂા.૦૦/૦૦- તથા રોકડ કુલ કિ.રૂા. ૩૬,૭૦૦/- તથા એક ગોદડી કિં.રૂા.૦૦/૦૦ ગણી કુલ મુદ્દામાલ કિ.રૂા.૩૬,૭૦૦/-સાથે પકડાઈ જઈ જુગાર ધારા કલમ-૪,૫ મુજબનો ગુનો કરેલ છે, જે મતલબની ફરિયાદ ફરિયાદીએ આ કામના આરોપીઓ વિરૂધ્ધ આપતાં પોલીસે જુગારધારા અંગેનો ગુનો દાખલ કરી, તપાસ કરનાર અમલદારે તપાસ કરી, તપાસના અંતે, આ કામના આરોપીઓ વિરુધ્ધ જુગાર ધારા કલમ-૪,૫ મુજબના શિક્ષા ને પાત્ર ગુનાનું આંક-૦૧ વાળું ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરેલ છે.

૨. પોલીસ અહેવાલ રજુ થતાં, આરોપીઓ વિરૂધ્ધ જુગાર ધારા કલમ-૪,૫ મુજબના ગુન્હા અંગેનું સંજ્ઞાન લઈ, કલમ-૨૦૪ અન્વયે સમન્સ કરતા, હાજર થતાં, કલમ-૨૦૭ મુજબ પોલીસ અહેવાલ તથા અન્ય દસ્તાવેજોની નકલ મળી ગયા અંગેની ખાત્રી કર્યા બાદ, આરોપીઓની **આંક-૧૨ થી ૧૯ સુધી આરોપીઓનો જવાબ** નોંધવામાં આવેલ. કલમ-૨૭૨ મુજબ ફરીયાદ પક્ષના પુરાવા માટે તારીખ નિયત કરી કાયદા મુજબ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

3. ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા નીચે મુજબનો મૌખિક અને દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

## (અ). ફરિયાદ પક્ષનો મૌખિક પુરાવા :–

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | પંચ સાહેદ મજીદભાઈ મામદભાઈ શેખ | ૨૧ |
| ૨ | ફરિયાદી ભરતભાઈ માલદેભાઈ જમોડ | ૨૬ |
| ૩ | ત.ક. અમલદાર સામતભાઈ પબુભાઈ ગઢવી | ૩૨ |
| ૪ | પંચ સાહેદ કરણભાઈ રશીકભાઈ રાઈચુરા | ૩૫ |

## (બ). ફરિયાદપક્ષ તરફે આંકે પાડેલા દસ્તાવેજી પુરાવા :–

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | બનાવવાળી જગ્યાનું પંચનામું | ૨૨ |
| ૨. | જુગાર ધારા કલમ–૬ મુજબનું વોરંટ | ૨૭ |
| ૩. | પોલીસ ચાદી | ૨૮ |
| ૪. | લાઈટ બીલ | ૨૯ |
| ૫. | ફરીયાદ | ૩૦ |

૪. ફરીયાદ પક્ષે વિધ્વાન એ.પી.પી.શ્રીએ મૌખિક રીતે પુરાવો પુરો થયાનું જાહેર કરતા ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ પડેલ પુરાવા ઉપરથી આ કામના આરોપીઓનું ફોજદારી કાર્યરીતી અધિનિયમ કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે જેમાં આરોપીઓ ફરીયાદપક્ષના પુરાવાને નકારી કાઢી બચાવના સાક્ષી તપાસેલા નથી કે જાતે સોગંદ પર પુરાવો આપેલ નથી અને વિશેષમાં તેઓ નિર્દોષ હોવાનું અને ખોટી રીતે સંડોવી દઈ ખોટો કેસ કરેલ હોવાનુ જણાવેલ છે.

**૫.** સદર કામે ફરિયાદ પક્ષ તરફે રજૂ થયેલા દસ્તાવેજી તેમજ મૌખિક પુરાવા,ફરિયાદ પક્ષના કેસની હકીકતો, કાયદાકીય જોગવાઈઓ વગેરે ધ્યાને લઈ સદર કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**-: મુદ્દા :-**

(૧) શું ફરિયાદ પક્ષ એ નિ:શંકપણે પુરવાર કરે છે કે, **તા.૨૩.૦૮.૨૦૨૫** ના રોજ **કલાક ૧૬:૫૦** વાગ્યાના અરસામાં આરોપી નં.૦૧ નાએ આરોપી નં.૦૨ થી ૦૮ વાળાઓને બહારથી બોલાવી, પોતાના કબ્જા ભોગવટાના રહેણાંક મકાનમાં જુગાર રમવાના સાધનો પુરા પાડી, પોતાના અંગંત આર્થિક ફાયદા સારૂ નાલ ઉઘરાવી, જુગાર રમી રમાડી, ગંજી પત્તાના પાના કુલ નં. ૫૨ કિ.રૂા.૦૦/૦૦- તથા રોકડ કુલ કિ.રૂા. ૩૬,૭૦૦/- તથા એક ગોદડી કિં.રૂા.૦૦/૦૦ ગણી કુલ મુદ્દામાલ કિ.રૂા.૩૬,૭૦૦/-સાથે પકડાઈ જઈ સાથે પકડાઈ જઈ જુગાર રમી રમાડી જુગાર ધારા કલમ-૪,૫ મુજબનો ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

**૬.** ઉપરોકત મુદ્દાઓના મારા જવાબો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**-: નિર્ણય માટેના કારણો :-**

**૬.૧** આ કામે વર્તમાન આરોપીઓ વિરૂધ્ધ ફોજદારી કેસ છે, ત્યારે ફોજદારી ન્યાયશાસ્ત્રના મુળભુત સિધ્ધાંત મુજબ ફરીયાદ પક્ષે આરોપીઓ સામેનો કેસ નિ:શકાપણ પુરવાર કરવાનો રહે છે અને જયા સુધી આરોપીઓ સામેનો ગુનો સાબીત ન થાય ત્યા સુધી તે નિર્દોષ છે તે રીતેનુ અનુમાન કરવાનુ રહે છે, વધુમાં ફરીયાદપક્ષ

આરોપી સામે જે આક્ષેપ સાબીત કરવા માંગતા હોય તે ફરીયાદપક્ષે તેના સકારાત્મક પુરાવાથી, શંકાથી પરે સાબીત કરવાના રહે છે.

૬.૨ આ કામે ફરીયાદ પક્ષે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન કરતા આ કામે **આંક–૨૬** થી ફરીયાદીની જુબાની થયેલ છે, જેમાં તેઓ **આંક–૩૦** વાળી ફરીયાદને સમર્થનકારી જુબાની આપે છે. સદર સાહેદની ઉલટ તપાસ જોતા જણાવે છે કે, ''એ વાત ખરી છે કે, આ કયા વાહનની કોઈ વીગત ફરીયાદમા જણાવેલ નથી. એ વાત ખરી છે કે, પંચોને અમોએ બોલાવેલ નહી. એ વાત ખરી છે કે બનાવવાળો વિસ્તાર રહેણાં ક વિસ્તાર છે ત્યાં ઘણી બધા મકાનો આવેલા છે. એ વાત ખરી છે કે, અમારે કલમ–૬નુ વોરંટ મેળવવા માટે ઉપલા અધીકારીને અરજી કરવી પડે છે. એ વાત ખરી છે કે, કલમ–૬નુ વોરંટ મે મેળવેલ નથી. એ વાત ખરી છે કે, આ કામે અમોએ કહેવાતા મકાનના કોઈ રેવન્યુ દસ્તાવેજ ફરીયાદ સાથે રજુ રાખેલ નથી કે મેળવેલ નથી. એ વાત ખરી છે કે, ગંજીપતા બજારમા સહેલાઈથી મળી શકે. એ વાત ખરી છે કે, આ કામે કયા દરની કેટલી નોટો કબ્જે કરેલ તે ફરીયાદમા દર્શાવેલ નથી. એ વાત ખરી છે કે, આ કામે અમોએ પ્રાથમીક પંચનામું કરેલ નથી. એ વાત ખરી નથી કે, આરોપીઓ જુગાર રમતા મળી આવેલ નથી કે તેઓને પાસેથી જુગારનુ સાહીત્ય કબજે કરવામાં આવેલ નથી કે કલમ–૬ નું વોરંટ પાછળથી ઉભુ કરેલ. એ વાત ખરી નથી કે મુદ્દામાલ આરોપીઓના કબજામાંથી મળી આવેલ ન હોવા છતાં કામગીરી બતાવવા ખોટા કાગળો ઉભા કરી, ખોટી ફરીયાદ આપી, આજરોજ સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છું. ''

આ કામે ફરીયાદ પક્ષે **આંક–૩૨** થી ત.ક.અમલદારની જુબાની થયેલ છે, સદર સાહેદની ઉલટ તપાસ જોતા જણાવે છે કે, ''એ વાત ખરી છે કે, આ કયા વાહનની કોઈ વીગત ફરીયાદમા જણાવેલ નથી. એ વાત ખરી છે કે, પં ચોને અમોએ બોલાવેલ નહી. એ વાત ખરી છે કે બનાવવાળો વિસ્તાર રહેણાંક વિસ્તાર છે ત્યાં ઘણી બધા મકાનો આવેલા છે. એ વાત ખરી છે કે, અમારે કલમ–૬નુ વોરંટ મેળવવા

માટે ઉપલા અધીકારીને અરજી કરવી પડે છે. એ વાત ખરી છે કે, કલમ–૬નુ વોરંટ મે મેળવેલ નથી. એ વાત ખરી છે કે, આ કામે અમોએ કહેવાતા મકાનના કોઈ રેવન્યુ દસ્તાવેજ ફરીયાદ સાથે રજુ રાખેલ નથી કે મેળવેલ નથી. એ વાત ખરી છે કે, ગંજીપતા બજારમા સહેલાઈથી મળી શકે. એ વાત ખરી છે કે, આ કામે કયા દરની કેટલી નોટો કબ્જે કરેલ તે ફરીયાદમા દર્શાવેલ નથી. એ વાત ખરી છે કે, આ કામે અમોએ પ્રાથમીક પં ચનામું કરેલ નથી. એ વાત ખરી છે કે, આ કામે આરોપીઓની કોઈ ઓળખ પરેડ કરેલ નથી. એ વાત ખરી નથી કે, આરોપીઓ જુગાર રમતા મળી આવેલ નથી કે તેઓને પાસેથી જુગારનુ સાહીત્ય કબજે કરવામાં આવેલ નથી કે કલમ–૬ નું વોરંટ પાછળથી ઉભુ કરેલ. એ વાત ખરી નથી કે મુદ્દામાલ આરોપીઓના કબજામાંથી મળી આવેલ ન હોવા છતાં ખોટી તપાસ કરી, ખોટુ ચાર્જશીટ કરી, આજરોજ સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છું.''

**૬.3** સબબ કામે ફરીયાદ પક્ષના પંચ સાહેદોને આંક–૨૧ થી તપાસેલ છે. સદર પંચ સાહેદ તેમની કોર્ટ રૂબરૂની જુબાનીમાં જણાવે છે કે, તેઓએ માત્ર તૈયાર પંચનામામાં સહીઓ કરેલી. તે સિવાય પંચનામાની હકીકત તેઓ જાણતા નથી, વળી પંચોએ સ્વીકાર રાખેલ છે કે, સહી કર્યા સિવાય તેઓ કશુ જાણતા નથી અને તથી સદર પંચનામાની હકીકત માની શકાય નહી, કેમ કે, સદર પંચનામું શાનુ છે તે પણ સદર પંચ સાહેદોને ખબર ન હતી. તેઓની પંચનામામાં સહી લેવામાં આવેલ.

**૬.૪** સબબ કામે ફરીયાદ પક્ષના પંચ સાહેદોને આંક–૩૫ થી તપાસેલ છે. સદર પંચ સાહેદ તેમની કોર્ટ રૂબરૂની જુબાનીમાં જણાવે છે કે, '' આજથી અંદાજે ચારેક માસ પહેલા સાતમ–આઠમનો તહેવાર હોય તે દરમ્યાન ખંભાળીયા પો.સ્ટે.ના ડી.સ્ટાફ પોલીસના બોલાવવાથી હુ પોલીસ સ્ટેશને ગયેલો. પો.સ્ટે.ગયા બાદ ત્યાના હાજર પોલીસે અમોને પંચ તરીકે જુગારના કામમાં રાખવા માટે સમજ કરેલી. અમોને પંચ તરીકે રહેવા સમજ કર્યા બાદ અમોને સરકારી જીપમાં બેસાડી નવાગામ ખાતે જુગાર

અંગે રેઈડમાં લઈ ગયેલા. ત્યા જઈને જોયુ તો સાત થી આઠ ઈસમો ભેગા મળીને જુગાર રમતા હોય, તેઓને અમારી હાજરીમાં ઘરપકડ કરેલ અને અમારી હાજરીમાં જુગારમાં ઉપયોગમાં લીધેલ પતા તેમજ રોકડ રકમ કબ્જે કરેલ. આ ઉપયોગમાં લીધેલ પતા તેમજ રોકડ રકમ કબ્જે લીધાનુ વીગતવારનુ પંચનામુ અમારી હાજરીમાં કરી, પંચ–ર તરીકે મારી સહી લીધેલી. આ પંચનામા વખતે મારી સાથે અન્ય એક પંચ પણ હતા જેની પંચ–૧ તરીકે સહી લીધેલી. જેમા પંચ નં.રની સામે મારી સહી હું ઓળખી બતાવું છુ. પોલીસે જુગાર ધારા કલમ–૬નુ ખાસ વોરંટ મેળવેલ હોય, તેમા પણ મારી સહી લીધેલી. મને આં ક–૨૭ વાળુ  જુગાર ધારા કલમ–૬નુ ખાસ વોરંટ બતાવવામાં આવે છે. જેમા પં ચ–ર તરીકે મારી સહી છે જે હુ ઓળખી બતાવુ છુ. આ કામના આરોપીઓ કોર્ટમાં હાજર હોય તો હુ ચોકકસ પણે ઓળખી શકુ નહી કારણ કે, આ રેઈડને ઘણો સમય થઈ ગયેલ છે.

આ કામે ફરીયાદ પક્ષે **આંક–૩૫** થી પંચ સાહેદની જુબાની થયેલ છે, સદર સાહેદની ઉલટ તપાસ જોતા જણાવે છે કે, '' એ વાત ખરી છે કે, અમો ખં ભાળીયાના રહેવાશી છીએ. એ વાત ખરી છે કે, પોલીસે બધુ લખી લીધુ ત્યારબાદ અમોને સહી કરવાનુ કહેતા અમોએ સહી કરી આપેલ. એ વાત ખરી નથી કે, આ પં ચનામુ કરતા પહેલા શેનુ પંચનામુ છે તેની વીગત મને આપેલ નહી. હુ આ પંચ તરીકે પહેલીવાર રહેલ છુ. પોલીસે મને પંચ તરીકે રહેવા બોલાવેલ. એ વાત ખરી નથી કે, અમો પોલીસના સંપર્કમાં હોય અને પોલીસ ધ્વારા કરવામાં આવેલ ફરીયાદને સમર્થન આપવા આજરોજ સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છુ.''

૬.૫ આમ, રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવાનુ મુલ્યાંકન કરતા આ કામે બનાવ સમયે હાલના આરોપીઓએ અંગત ફાયદા સારૂ બહારથી આરોપીઓને બોલાવી, પોતાના કબ્જા ભોગવટાના રહેણાંક મકાને જુગાર રમી-રમાડી અને નાલ ઉઘરાવી, જુગારધારા અંગેનો પ્રોસીક્યુશનનો કેસ છે. આ કામે તપાસવામાં આવેલ આંક-૨૧ વાળા પંચ સાહેદે પંચનામાની હકીકતને સમર્થન કરેલ નથી અને તેઓએ માત્ર તૈયાર પંચનામાંમા સહી કરેલ તેમ જણાવેલ છે. આ કામે આ પંચનામાના અન્ય પંચ જેઓને આંક-૩૫ થી તપાસવામાં આવેલ તેઓ પંચનામા લગતની હકીકતમાં જણાવેલ પરંતુ તેઓ રેડ વાળી જગ્યા તરીકે નવાગામ જણાવે છે.પરંતુ ફરીયાદ પક્ષના કેસની તથા દસ્તાવેજની હકીકત મુજબ રેડ વાળી જગ્યા જુવાનગઢ દર્શાવેલ છે. આ બંન્ને વિરોધાભાસ હકીકત શંકા ઉત્પન્ન કરે છે.વધુમાં ફરીયાદીની ફરીયાદ જોતા તેમાં કોઈ જગ્યાએ પંચોના નામ જણાવેલ નથી. વધુમાં આ કામે ફરીયાદપક્ષના પુરાવાને લક્ષમાં લેતા, ઝડતીવાળી જગ્યા જાહેર વિસ્તારમાં આવેલ હોવા છતાં કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લેવામાં આવેલ નથી. પંચોના નામ ફરીયાદમાં જણાવેલ ન હોય જેથી પંચોની હાજરીમાં આરોપીઓએ અં ગત ફાયદા સારૂ બહારથી આરોપીઓને બોલાવી, પોતાના કબ્જા ભોગવટાના રહેણાંક મકાને જુગાર રમી-રમાડી અને નાલ ઉઘરાવી, ગુન્હો કરેલ હોવાની હકીકત સંબધે શંકા ઉત્પન્ન થાય છે.

સદર કામે ફરીયાદ પક્ષની હકીકત મુજબ તપાસ મુજબ રેઈડ દરમ્યાન ફરીયાદીએ ચાર્જશીટ સાથે ગુનામા વપરાયેલ જુગારનુ જે સાહીત્ય કબ્જે કરવામા આવેલ છે તે બજારમા સહેલાઈથી મળી શકે તેવુ છે. આરોપીઓ તરફે મુદામાલ અંગે કોઈ કલેઈમ પણ કરવામા આવેલ હોવાનુ રેકર્ડ ઉપર આવેલ નથી. તેમજ આ કામે જે ફરીયાદીનો પુરાવો રજુ થયેલ છે તે પોલીસ સાહેદ છે પરંતુ ફરીયાદના પુરાવા ને જયા સુધી તટસ્થ સાહેદોનાં પુરાવાથી સમર્થન ન મળે ત્યા સુધી તેના પુરાવા ઉપર આધાર રાખી શકાય નહી. અને આ કામે તપાસેલ પંચ સાહેદ તટસ્થ પંચ સાહેદ છે. તેમ છતાં તેઓ

એ આરોપી પાસેથી કબ્જે કરેલ હોવાની હકીકતને સમર્થન કરેલ નથી જે હકીકત ઘ્યાને લ ેતા પણ ફરીયાદીના પુરાવા ને જયાં સુધી તટસ્થ સાહેદોનાં પુરાવાથી સમર્થન ન મળે ત્યા સુધી તેના પુરાવા ઉપર આધાર રાખી શકાય નહી તેમજ ફરીયાદીની જુબાનીને સ્વતં ત્ર સાહેદ કે પંચ સાહેદનું સમર્થન મળેલ નથી. તે સંજોગોમાં આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહી. આમ, ઉપરોકત હકીકત અને ચર્ચાને ઘ્યાનમાં લઈ ફરીયાદપક્ષ આરોપીઓ સામે નો કેસ નિ:શંકપણે સાબીત કરવામાં નિષ્ફળ નિવડેલ છે તેવા નિર્ણય ઉપર આવી મુદ્દા નં.(૧)નો જવાબ નકારમાં આપી, મુદ્દા નં. (૨) પરત્વે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**-:: આખરી હુ ક મ ::-**

(૧) આ કામના આરોપીઓ (૧) દિપકભાઈ કેશુરભાઈ સુવા, રહે. જુવાનગઢ ગામ (૨) વિક્રમભાઈ રામભાઈ ડાંગર, રહે. વિઝલપુર ગામ (૩) ગોવિંદભાઈ મેરામણભાઈ સુવા, રહે. જુવાનગઢ ગામ (૪) એભાભાઈ ઉર્ફે હેભાભાઈ ધાનાભાઈ ચંદ્રવાડીયા, રહે. ખજુરીયા ગામ, (૫) આલાભાઈ વજશીભાઈ સુવા, રહે. જુવાનગઢ ગામ, (૬) મશરીભાઈ ફોગાભાઈ ડાંગર, રહે. વિઝલપુર ગામ, (૭) ખીમાણંદભાઈ મેરામણભાઈ સુવા, રહે. જુવાનગઢ ગામ, (૮) મેરામણભાઈ ધરણાંતભાઈ સુવા, રહે. જુવાનગઢ ગામ, જામખંભાળીયા જી. દેવભૂમિ ઘ્વારકા નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૫૫ હેઠળ જુગારધારા કલમ-૪,૫ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હા માંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) મુદ્દામાલ પાવતી નં.૧૬૩/૨૦૨૫ થી કબ્જે લીધેલ રોકડ રકમને રાજયસાત કરવાનો તથા જો અન્ય કોઈ મુદામાલ કબ્જે લીધેલ હોય, તો તે અન્વયે જો વચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય, તો તે કાયમ રાખવામાં આવે છે, જો કોઈ હુકમ કરવામાં આવેલ

ન હોય તો દીન–૩૦ માં યોગ્ય આધાર પુરાવા રજુ કરી પો.સ્ટે. માંથી છોડવી લેવા હુકમ કરવામાં આવે છે. જો સમય મર્યાદામાં મુદ્દામાલ પરત મેળવવા કાર્યવાહી ન થાય તો ક્રીમીનલ મેન્યુઅલ મુજબ તે સમય પુરો થયેથી મુદ્દામાલનું વેચાણ કરી મળી આવતી રકમ રાજય સાત કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(ક) અન્વયે આરોપીઓએ અપીલ સમય થતાં સુધીના રૂા.૫,૦૦૦/– અંકે રૂપિયા પાંચ હજાર પુરાના જામીન આપવાનો હુકમ કરવામાં આવે છે.

આજરોજ તા.૩૦, માહે–માર્ચ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૩૦/૦૩/૨૦૨૬
ખંભાળીયા.

**(ધ્રુવરાજસિંહ બી.ચૌહાન)**
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
ખંભાળીયા, જી.દેવભુમિ દ્વારકા
(JUDGE Code: GJ01732)